# બાયડના બજારમાં ખરીદી માટે લોકો ઉમટ્યા, ઠેર ઠેર ટ્રાફીકજામ

## કરીયાણા અને મસાલાની દુકાનો આગળ કોરોનાનો ચેપ પ્રસરે તેવી ભીડ






બાયડ (બ્યુરો ઓફિસ) તા.૨૧
બાયડમાં ગુરૂવારથી ૯ દિવસનું સ્વયંભૂ લૉકડાઉન થઈ રહ્યું છે તેની પૂર્વ સંધ્યાએ બુધવારે બાયડના બજારમાં સવારથી ખરીદી માટે બાયડ ઉપરાંત ગ્રામ્ય વિસ્તારની પ્રજા ઉમટી પડતાં દરેક દુકાનો આગળ કોરોનાનો ચેપ પ્રસરે તેવી ભીડ જોવા મળી. ઠેર ઠેર ટ્રાફીકજામ થઈ જતાં પોલીસને નાકે દમ આવી ગયો હતો. દુકાનદારો ભીડને દૂર હડસેલવાના પ્રયાસો પણ કરતા જોવા મળ્યા. જે રીતે સોશ્યલ ડિસ્ટન્સના લીરા ઉડ્યા તે જોતાં કોરોનાનું સંક્રમણ હવે વધુ બેકાબુ બનવાની પણ દહેશત વધી છે.

અરવલ્લી જિલ્લામાં કોરોનાના હોટસ્પોર્ટ બનેલા બાયડ પંથકની પ્રજાને કોરોનાના વધી રહેલા સંક્રમણથી બચાવવા માટે વહીવટી તંત્ર અને સ્થાનિક પાલિકા દ્વારા તા.૨૨ થી ૩૦ એપ્રિલ દરમ્યાન સ્વયંભૂ લૉકડાઉન જાહેર કરાયું છે. મોટાભાગના વેપારીઓએ પણ તેમાં સંમતિ આપી છે. લૉકડાઉન લાંબો સમય ખેંચાશે તેવી અંદેશા સાથે બુધવાર સવારથી જ ખરીદી માટે હકડે ઠેઠ ભીડ જોવા મળી. જાણે કે દિપાવલીનો તહેવાર હોય અને બજારમાં ઘરાકી હોય તેવી ઘરાકી જોવા મળી હતી. કેટલીક દુકાનોમાં તો માલ સામાન ખૂટી પડ્યા જેવી સ્થિતિ સામે આવી. વધુ ભીડ એકત્ર થતાં કેટલાક ઠેકાણે પોલીસને પણ કાયદો દેખાડવાની ફરજ પડી હતી. સ્વયંભૂ લૉકડાઉન માત્ર ૯ દિવસનું છે અને ત્યાર પછી લૉકડાઉન આગળ લંબાવવું કે કેમ તે કોરોનાના સંક્રમણ ઉપર નિર્ભર છે પરંતુ જીવન જરૂરી ચીજવસ્તુઓ પ્રજાને આસાનીથી મળી રહેશે આ સંજોગોમાં પ્રજાએ કોઈ ખોટી ભીડ કરવાનો મતલબ નથી તેમ છતાં બાયડના બજારમાં કોરોનાના અતિક્રમણ વચ્ચે પણ દેખાયેલી ભીડથી ખુદ વેપારીઓ હચમચી ગયા છે.

### કોરોનાથી બેન્કીંગ કામગીરીને અસર

# જિલ્લામાં આજથી ૩૦ એપ્રિલ સુધી બેન્કોનો સમય સવારે ૧૦ થી ૨

### ૩૦ જેટલા બેન્ક કર્મીઓના કોરોનાથી મોત પછી નિર્ણય લેવાયો

બાયડ (બ્યુરો ઓફિસ) તા.૨૧
કોરોનાના કારણે બેન્કોના ૩૦ થી વધુ કર્મચારીઓના મોત નિપજ્યા છે. સેંકડો કર્મચારીઓ સંક્રમિત થયા પછી રીઝર્વ બેન્ક ઓફ ઈન્ડીયા દ્વારા તા.૨૨ એપ્રિલ થી ૩૦ એપ્રિલ સુધી બેન્કોનો કામકાજનો સમય સવારે ૧૦-૦૦ થી ૨-૦૦ કરવામાં આવ્યો છે. કોરોનાના સંક્રમણથી રાહત આપવા નિર્ણય લીધાનું જાણવા મળ્યું છે.

કોરોનાનું સંક્રમણ બેકાબુ બન્યું છે. સમગ્ર વિશ્વ કોરોનાના વધતા આતંકથી સ્તબ્ધ બન્યું છે છતાં કોરોનાના વધતા આક્રમણને કેવી રીતે દબાવી શકાય તેનો ઉકેલ કોઈ રાષ્ટ્ર પાસે નથી. અગાઉ પૈસા દ્વારા પણ કોરોનાનો ચેપ ફેલાય તેવી અફવા ચાલી હતી જેના કારણે દુકાનદારો પૈસાને સેનેટાઈઝ કર્યા પછી હાથ લગાડતા હતા અને તબક્કાવાર એક પછી એક અનેક બેન્કોના કર્મચારીઓ કોરોનાથી સંક્રમિત થયા અને પ્રજાના મનમાં આ બાબત ઘર કરી ગઈ.

સાચી હકીકત તો એ છે કે કોરોના સંક્રમિત વ્યક્તિના સંપર્કમાં આવ્યા પછી જ કોરોનાનો ચેપ અન્ય લોકોને લાગે છે. બેન્કમાં આવતા અનેક ગ્રાહકો કોરોનાથી સંક્રમિત હોય અને તે બાબતથી બેન્ક કર્મચારીઓ અજાણ હોય છે. જેથી જાણે અજાણે તેઓ ચેપગ્રસ્ત થાય છે અને કેટલાક સંજોગોમાં કર્મચારીઓના મોત પણ નિપજ્યા છે. આર.બી.આઈ. દ્વારા કોરોનાનું સંક્રમણ વધી ગયું છે ત્યારે તેને અટકાવવા માટે બેન્કનો સમય ટૂંકાવવામાં આવ્યો છે તેમજ બેન્કમાં પણ ૫૦ ટકા સ્ટાફને ૩૦ એપ્રિલ સુધી બોલાવવા માટે સૂચના આપવામાં આવી છે. ૩૦ એપ્રિલ પછી પરિસ્થિતિની સમીક્ષા કરીને બેન્કોનો સમય યથાવત રાખવો કે પછી ફેરફાર કરવો તેનો નિર્ણય લેવાશે.

# વાત્રક સરકારી કોવિડ હોસ્પિટલમાં બેડ ખૂટ્યા, કોરોનાગ્રસ્ત મહિલાને આખી રાત એમ્બ્યુલન્સમાં રહેવું પડ્યું

### પ્રાઈવેટ એમ્બ્યુલન્સના ઓક્સિજનના સહારે મહિલાને જીવતી રાખી..!!

બાયડ (બ્યુરો ઓફિસ) તા.૨૧
અરવલ્લી જિલ્લામાં વહીવટી તંત્ર કોરોનાની સારવારમાં




લકવાગ્રસ્ત સાબિત થઈ રહ્યું છે. વાત્રક સરકારી કોવિડ હોસ્પિટલમાં બેડ ખૂટતાં બાયડ તાલુકાના ગ્રામ્ય વિસ્તારના કોરોનાગ્રસ્ત મહિલા દર્દીને કલાકો સુધી હોસ્પિટલની બહાર એમ્બ્યુલન્સમાં રાત વિતાવી પડી હતી. પ્રાઈવેટ એમ્બ્યુલન્સના ઓક્સિજનના સહારે મહિલા સવાર સુધી જીવતી રહી. આરોગ્ય વિભાગના અધિકારીઓ સામે પોલીસ ફરિયાદની ચીમકી પછી મહિલાને બુધવાર સવારે કોવિડ હોસ્પિટલમાં દાખલ કરવામાં આવી છે. અરવલ્લી જિલ્લા કલેક્ટરે હવે ચૂપકીદી તોડવાનો સમય પાકી ગયો છે અન્યથા જિલ્લાની પ્રજા કલેક્ટરની નબળી કામગીરી સામે મોરચો માંડતાં ખચકાશે નહીં.

શ્રી કે. કે. શાહ સાબરકાંઠા આરોગ્ય મંડળના ટ્રસ્ટીઓએ દિવસ-રાત એક કરીને વાત્રક હોસ્પિટલને નામના અપાવી હતી પરંતુ તંત્ર દ્વારા કોવિડના દર્દીઓ માટે વાત્રક હોસ્પિટલ ફરી એકવાર હેન્ડ ઓવર કરી લીધા પછી વાત્રક હોસ્પિટલની આબરૂના ધજાગરા ઉડી રહ્યા છે. વાત્રક હોસ્પિટલને કોવિડ હોસ્પિટલ માટે ૧૦૦ બેડની સુવિધા ઉભી કર્યા પછી જરૂરી ડૉક્ટરોનો અભાવ, ઓક્સિજનની અછત વગેરેના કારણે એક પછી એક ૨ થી વધુ દર્દીઓ મોતને ભેટ્યા. જ્યારે સ્ટાફની ઘોર બેદરકારીથી આખે આખો મૃતદેહ બદલાઈ ગયો અને જે સ્થિતિ સામે આવી તેનાથી સમગ્ર ગુજરાતની પ્રજા હચમચી ગઈ છે. જ્યારે ૨ દિવસ પહેલાં બાયડ તાલુકાના જૂનીવાસણીના વૃદ્ધનું ઓક્સિજનના અભાવે મોત નિપજ્યું અને સ્ટાફ આખી રાત ઉંઘતો રહ્યો છતાં તરફડતા દર્દીને જોવા ન આવ્યાનો પરિવારજનોએ આક્ષેપ કર્યો હતો. ત્યાં ગત રોજ સમી સાંજની ઘટનાએ ફરી એકવાર વાત્રકની કોવિડ હોસ્પિટલના વહીવટ સામે આંગળીઓ ચિંધાઈ છે. ઈન્દ્રાણ ગામનાં મંજુલાબેન પરમાર કોરોનાથી સંક્રમિત થતાં વાત્રક કોવિડ હોસ્પિટલમાં લઈ જવામાં આવ્યા પરંતુ ત્યાં બેડ ન હોવાથી દર્દીને એમ્બ્યુલન્સમાં જ રાત વિતાવવી પડી. એક તબક્કે ઓક્સિજન ખૂટી જતાં અન્ય ખાનગી એમ્બ્યુલન્સના ઓક્સિજનના સહારે મહિલાને જીવતી રાખવામાં આવી હતી.



ઉચ્ચ કક્ષાએ બેદરકારીની ફરિયાદ પછી મહિલાને માંડ માંડ વાત્રકની કોવિડ હોસ્પિટલમાં બેડ આપવામાં આવ્યો છે.

### તંત્રની સજ્જ હોવાની વાતનો ભાંડો ફૂટ્યો

# આમોદરા સામૂહીક આરોગ્ય કેન્દ્રમાં માસ્ક, પી.પી.ઈ. કીટ નથી, કોરોનાગ્રસ્ત સ્ટાફ દર્દીઓની સેવા કરે છે

### મહિલા અધિકારીની ઓડીયો ક્લીપ વાયરલ થતાં સનસનાટી

બાયડ (બ્યુરો ઓફિસ) તા.૨૧
કોરોનાના વધતા કહેરમાં અરવલ્લી જિલ્લાનું આરોગ્ય તંત્ર અને વહીવટી તંત્ર પોતે સજ્જ હોવાનું ગાઈ વગાડીને બોલી રહ્યું છે પરંતુ જમીની હકીકત કંઈક અલગ છે. બાયડ તાલુકાના આમોદરા સામૂહીક આરોગ્ય કેન્દ્રમાં છેલ્લા કેટલાક સમયથી માસ્ક અને પી.પી.ઈ. કીટ નથી. કોરોનાગ્રસ્ત સ્ટાફ દર્દીઓની સેવા કરે છે. મહિલા અધિકારીની એક સામાજીક આગેવાન સાથે થયેલી વાતચીતની ઓડીયો ક્લીપ વાયરલ થઈ જતાં સનસનાટી મચી ગઈ છે. આરોગ્ય તંત્રની પોલ ખોલનાર મહિલાની બદલી થઈ જશે પરંતુ સાચી હકીકતો ક્યારેય છૂપાવી શકાશે નહીં.

અરવલ્લી જિલ્લામાં સરકારી બાબુઓ માત્ર પોતાના પ્રોબેશનર પીરીયડ અને અન્ય પ્રમોશન માટેની તૈયારી માટે આવતા હોય તે રીતે ફિલ્ડમાં ઓછા નિકળે છે અને માત્ર પોતાના અંગત કામમાં રચ્યા પચ્યા રહે છે. જેના કારણે નવરચિત અરવલ્લી જિલ્લો અધોગતિ તરફ ધકેલાઈ રહ્યો છે. જિલ્લા કલેકટરની કામગીરી સામે પણ હવે પ્રજામાં જબ્બર રોષ જોવા મળ્યો છે. વાત્રકની સરકારી કોવિડ





હોસ્પિટલમાં અસુવિધાઓ બાબતે કલેક્ટર સમક્ષ ફરિયાદો પછી પણ ઝડપથી ઉકેલ આવતા નથી જ્યારે મુખ્ય જિલ્લા આરોગ્ય અધિકારીના મનમાં એમ હોય કે મોબાઈલના તરંગોથી કોરોના વાયરસનો ચેપ લાગે છે તેવા ભયથી કોઈનો પણ મોબાઈલ ઉપાડતા નથી જેથી અખબારો તેમજ ઈલેક્ટ્રોનિક મીડીયાને યોગ્ય જાણકારી મળતી નથી. દર્દીઓ ટપોટપ મરે છે પરંતુ તેના મોત પાછળનું સાચુ કારણ પણ બહાર આવતું નથી. જેવો રાજા તેવું સૈન્ય..ઉકિત અનુસાર અન્ય આરોગ્ય સ્ટાફ પણ ફોન ઉપાડતા નથી અને હવે તો ગ્રામ્ય વિસ્તારના સામૂહીક આરોગ્ય કેન્દ્રોમાં પણ બદતર હાલત સામે આવી છે જેમાં આમોદરા સામૂહીક આરોગ્ય કેન્દ્રમાં માસ્ક પણ નથી. કોરોનાના સંક્રમણથી કોઈ દર્દીનું મોત નિપજે તો પી.પી.ઈ. કીટ પણ નથી, સ્ટાફની અછત છે અને સ્ટાફના જે પણ કંઈ માણસો છે તેમાંથી ૨-૪ કોરોનાથી સંક્રમિત છે તેવી હૈયાવરાળ મહિલા અધિકારીએ સામાજીક આગેવાન સમક્ષ વ્યક્ત કરી હતી તેની ઓડીયો ક્લીપ વાયરલ થયા પછી આરોગ્ય વિભાગમાં તહલકો મચ્યો છે.

## બાયડમાં આર.એસ.એસ. દ્વારા ઉકાળો, માસ્કનું વિતરણ કરાયું

બાયડ (બ્યુરો ઓફિસ) તા.૨૧
બાયડ ગામમાં આર.એસ. એસ. દ્વારા રામનવમીની અનોખી ઉજવણી કરવામાં આવી. સંઘના સ્વયં સેવકો દ્વારા બાયડ ગામના આંબેડકર ચોક, નવીનગરી, ઠાકોરવાસ, રાવળવાસ, પ્રજાપતિ ફળી વગેરેમાં ઉકાળા તેમજ કાસ્કનું વિતરણ કરવામાં આવ્યું હતું. ૧૫૦૦ જેટલા લોકોએ તેનો લાભ લીધો હતો. ૪૫૦ પરિવારોને તેમાં આવરી લેવાયા હતા. ૨૦ જેટલા સ્વયં સેવકો કામગીરીમાં જોડાયા હતા.

# રેપિડ કીટ ખૂટવા લાગી : જિલ્લાના સેંકડો લોકો માનસિક કોરોનાના શિકાર બન્યા

### સીટી સ્કેન, આર.ટી.પી.સી.આર. રિપોર્ટ કરાવવા માટે લાગતી લાઈનો : આરોગ્ય વિભાગ આ દિશામાં ધ્યાન નહીં આપે તો સ્થિતિ વણસી શકે છે

બાયડ તા.૨૧
ઉત્તર ગુજરાત સહિત સાબરકાંઠા, અરવલ્લી જિલ્લામાં કોરોનાનું સંક્રમણ વધ્યું છે. રેપિડ ટેસ્ટ માટેની કીટ ખૂટતાં સરકારી દવાખાના, સામૂહીક આરોગ્ય કેન્દ્ર, રેફરલ હોસ્પિટલમાં અનેક સ્થળે હોબાળા મચ્યા છે. ત્યારે એવું જણાય છે કે જિલ્લાના સેંકડો લોકો માનસિક કોરોનાના શિકાર બની ગયા છે. સામાન્ય ગળુ પકડાય કે પછી ઉધરસના બે ઉહકારા આવે તો તૂરંત કોરોના થયો છે તેવું માની ડૉક્ટરની સલાહ લીધા વગર સીધા સીટીસ્કેન, આર.ટી.પી.સી.આર. રિપોર્ટ કરાવવા માટે દોડી જાય છે. આરોગ્ય વિભાગ આ દીશામાં ધ્યાન નહીં આપે તો સ્થિતિ વધુ વણસી શકે છે. સરકારે હવે તમામ ખાનગી હોસ્પિટલો અને નર્સિંગ હોમને કોરોના દર્દીઓની સારવાર માટે છૂટ આપ્યા પછી સ્થિતિ સુધરવાના બદલે વધુ બગડી શકે છે.

સ્વાઈનફલુના કહેરમાં વિશ્વના કરોડો લોકો હોમાયા છતાં કોરોના જેટલો ભય હાવિ થયો ન હતો. સાબરકાંઠા, અરવલ્લી જિલ્લામાં પણ સ્વાઈનફલુના કારણે કેટલાક લોકોએ જીવ ગુમાવ્યા પરંતુ તેની માનસિક અસરો માત્ર એકાદ-બે પરિવાર પૂરતી સિમિત રહી પરંતુ છેલ્લા ૧૩ મહિનાથી સવાર થી ઉઠો અને રાત્રે પથારીમાં સૂઈ જાઓ ત્યાં સુધી માત્ર ને માત્ર કોરોના જ કોરોના સાંભળવા મળે છે જેના કારણે અનેક લોકો કોરોનાના માનસિક રીતે શિકાર બન્યા છે. મિશ્ર ઋતુ હોય એટલે સામાન્ય ઉધરસ આવે, બેચેની જેવું લાગે, કાળઝાળ ગરમીના કારણે અનેક લોકો એરકંડીશનર ચાલુ કરે છે જેથી આખી રાત ૨૨ થી ૨૭ ડિગ્રીમાં આરામ ફરમાવ્યો હોય એટલે શરદીની અસર થાય પરંતુ કોરોનાના લક્ષણો તેને ભળતા હોવાથી તેમાંનું એકપણ લક્ષણ દેખાય તો લોકો અને તેનો પરિવાર કોરોનાનો ચેપ લાગ્યો તેવું ઉઠતાંની સાથે ચાલુ કરે છે જેથી ચેપ લાગ્યો ન હોય તો પણ શંકાસ્પદ દર્દીને મને કમને દવાખાને, હોસ્પિટલમાં જવું પડે છે.


## ત્રીજી વાર્ષિક પુણ્ય તિથિએ શ્રદ્ધાંજલિ



સ્વ. રેણુંકાબેન રજનીકાન્ત શાહ
સ્વ. તા.૨૧-૪-૨૦૧૮
બાયડ, જિ. અરવલ્લી

ધુપસળીની જેમ ઘસાઈને બીજાને સુગંધ આપનાર, કલ્પી ન શકાય તેવી અણધારી વિદાય અમારૂ હૃદય કંપાવી ગઈ, જીવન એવું જીવી ગયા કે મૃત્યુ પણ રડી પડ્યું, પરમ કૃપાળુ પરમાત્મા આપના આત્માને ચિરઃ શાંતિ અર્પે એ જ પ્રાર્થના.

આપના..
રજનીકાન્ત મફતલાલ શાહ (પતિ)
(પૂર્વ પ્રમુખ : બાયડ કેમીસ્ટ એસોસીએશન)

ભાવિન રજનીકાન્ત શાહ, પુત્ર
નિધિ ભાવિનકુમાર શાહ, પુત્રવધુ
નિશિ ભાવિનકુમાર શાહ, પૌત્રી
આર્યન ભાવિનકુમાર શાહ, પૌત્ર
બિરેનકુમાર કે. શાહ, જમાઈ
કિંજલ બિરેનકુમાર શાહ, દિકરી
નૈત્રી બિરેનકુમાર શાહ, ભાણેજ
સ્મિત બિરેનકુમાર શાહ, ભાણેજ

ચંપાબેન મફતલાલ જયચંદદાસ શાહ પરિવાર (સાઠંબાવાળા)
૪૫, ગોકુલેશ સોસાયટી, બાયડ, જિ. અરવલ્લી
ફર્મ : રાધે મેડીકલ સ્ટોર્સ, બાયડ (મો.૯૪૨૬૪૮૪૮૦૩)


# અધધ સંક્રમિત કેસ કેમ..!! ઉત્તર ગુજરાતમાં હવાથી કોરોના ફેલાતો હોવાની માન્યતા પ્રબળ, દૈનિક સંક્રમણ ૫૦૦૦ને પાર

બાયડ (બ્યુરો ઓફિસ) તા.૨૧
કોવિડ-૧૯ ની મહામારીને ૧૩ મહિનાનો સમય પસાર થયો પરંતુ તેની ઉત્પત્તિ વધતા સંક્રમણ બાબતે વૈજ્ઞાનિકો કે પછી તજજ્ઞો પાસે કોઈ યોગ્ય જાણકારી નથી. કોરોનાની બીજી લહેરમાં ગુજરાત સહિત ઉત્તર ગુજરાત હચમચ્યું છે. અધધ સંક્રમિત કેસ સામે આવી રહ્યા છે. દરરોજ તેમાં ૩૦ થી ૪૦ ટકાનો ઉછાળો ચિંતાજનક છે ત્યારે કોરોના હવાથી ફેલાતો હોવાની માન્યતા પ્રજામાં પ્રબળ બની છે. બીજી લહેરમાં મૃત્યુદર અનેક ગણો વધ્યો છે. ઓક્સિજનની માંગમાં ઉછાળો આવતાં ઓક્સિજનનું કાળા બજાર અટકાવવા સરકારે અધિકારીઓની ફોજ ઉતારી દીધી છે. આશ્ચર્ય વચ્ચે વેન્ટીલેટરની માંગમાં ઘટાડો જોવા મળ્યો.

ઉત્તર ગુજરાતના ૫ જિલ્લામાં છેલ્લા ૨ દિવસથી દૈનિક સંક્રમણ બેકાબુ બન્યું છે. સંક્રમિત લોકોની સંખ્યામાં ઉછાળો આવ્યો છે. પાછલા ૨૪ કલાક દરમ્યાન કોરોનાથી ૫૦૯૮ લોકો સંક્રમિત થયાનું આરોગ્ય વિભાગે જાહેર કર્યું છે. જે આંકડો અત્યંત ચિંતાજનક કહી શકાય. કોરોનાનું સંક્રમણ બેકાબુ થવા પાછળનું કારણ જે કોઈપણ હોય તેમાં પ્રજા ઉંડાણમાં ઉતરતી નથી પરંતુ હવે એક પછી એક ફળીયા, મહોલ્લા અને પરિવારો સંક્રમિત થઈ રહ્યા છે તે બાબત ક્યાંકને ક્યાંક ચિંતાજનક છે. કેટલાય એવા લોકો છે કે તેમના છેલ્લા ૧૫-૨૦ દિવસથી ઘરનો ઉંબરો છોડ્યો નથી, અન્ય કોઈ બહારની વ્યક્તિના સંપર્કમાં આવ્યા નથી તો પછી તેઓ કોરોનાથી સંક્રમિત કેવી રીતે બન્યા..?? દૈનિક સંક્રમણના વધી રહેલા આંકડા ઉપરથી કોરોના હવાથી ફેલાતો હોવાની માન્યતા પ્રબળ બની ગઈ છે.